ગૌચરની જમીન ઔદ્યોગિક હેતુ
માટે ફાળવવામાં આવે ત્યારે
ખાસ કાર્યવાહી કરવા બાબત.

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
પરિપત્ર ક્રમાંક : જમન/૩૯૯૯/૨૯/અ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૨-૧૧-૨૦૦૪

**વંચાણે લીધા : -**(૧) મહેસુલ વિભાગનો તા. ૨૭/૧/૯૯નો સરખા ક્રમાંકનો ઠરાવ.
(૨) મહેસુલ વિભાગનો તા. ૨૨/૩/૯૯નો સરખા ક્રમાંકનો ઠરાવ

**<u>ઠ રા વ :</u>**

વંચાણે લીધા ક્રમાંક (૧)માં દર્શાવેલ મહેસુલ વિભાગના તા. ૨૭-૧-૯૯ના ઠરાવથી સરકારી ગૌચરની જમીન જયારે ઔદ્યોગિક હેતુ માટે ફાળવવામાં આવે ત્યારે અનુસરવાની કાર્યપદ્ધતિ અંગેની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી હતી. વંચાણે લીધા ક્રમાંક:(૨)માં દર્શાવેલ મહેસૂલ વિભાગના તા. ૨૨/૩/૯૯ના ઠરાવથી ઉપરોકત તા. ૨૭/૧/૯૯ના ઠરાવની સુચનાઓ બીજા હુકમો ન થાય ત્યાં સુધી સ્થગિત કરવામાં આવેલ છે.

૨. પુખ્ત વિચારણાને અંતે તા. ૨૭/૧/૯૯નો ઠરવ પુનર્જિવીત (Revive) કરવામાં આવે છે. જયાં ગૌચર પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોય તે કિસ્સામાં જ મ.વિ.નો તા. ૨૭/૧/૯૯નો ઠરાવ લાગુ પડશે.

(મુકેશ મોદી)
ઉપસચિવ
મહેસુલ વિભાગ, ગુજરાત રાજ્ય

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
માન. મહેસુલ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી
માન. ઉદ્યોગમંત્રીશ્રીના અંગત સચિવશ્રી
માન. પંચાયત મંત્રીશ્રીના અંગત સચિવશ્રી
અગ્રસચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ
અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ
અગ્ર સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
અગ્ર સચિવશ્રી, મહેસુલના અંગત સચિવશ્રી
સર્વે કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત અમદાવાદ/રાજકોટ.
મહેસુલ વિભાગની અ-૧, ગ, લ, જ, ઝ, અને ક શાખાઓ.
સિલેક્ટ ફાઇલ